# ભાજપામાં આંતરિક ખટરાગ વધ્યો

નવીદિલ્હી,તા.૧૪

દેશની બીજી મજબૂત પાર્ટી તરીકે જાણીતી ભારતીય જનતા પાર્ટીના નેતાઓ વચ્ચેનો આંતરિક ખટરાગ શમવાનું નામ જ લેતો નથી જેના કારણે હજુપણ પ્રભારીઓની નિમણૂંકનો નિર્ણય અટકી પડ્યો છે.

પક્ષ અને આરએસએસનાં પ્રતિનિધિઓ વચ્ચે ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. આ ઉપરાંત સંઘના પ્રતિનિધિ પણ અંદરોઅંદર એવા ઉલઝી ગયા છે કે પક્ષનાં નેતાઓને સમજમાં નથી આવતું કે, સંઘના ક્યા પ્રતિનિધિને સ્થાન આપવું. લોકસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે રણનીતિ બનાવવાનાં મુદ્દે પ્રભારીઓની નિમણૂંકના મુદ્દે એકમત ભાજપમાં હજુપણ બન્યો નથી. પક્ષનાં સૂત્રો જણાવે છે કે સ્થિતિ એ હદે વણસી છે કે કેટલાંક દિવસો પહેલાં મળેલી એક બેઠકમાં સંઘના પ્રતિનિધિઓ અંદરો-અંદર બાખડી પડ્યા હતાં. પરિણામે પ્રભારીઓ માટે જે યાદી તૈયાર કરવામાં આવી હતી તેને હાલ પૂરતી રદ્દ કરી દેવી પડી છે. સામાન્ય રીતે ભારતીય જનતા પાર્ટીમાં એક મહાસચિવ સંઘનો પ્રતિનિધિ હોય છે અને તેને સંગઠનનું મહાસચિવનો હોદ્દો મળે છે.

કેન્દ્રીય સ્તરે તેમજ રાજ્યોમાં પણ એક સંગઠન મહામંત્રીની નિમણૂંક કરવામાં આવે છે અને પક્ષમાં તેને જ સંઘનો પ્રતિનિધિ માનવામાં આવે છે જેને કારણે તે વધુ શક્તિશાળી માનવામાં આવે છે. પક્ષનાં આંતરિક વર્તુળોનું કહેવું છે કે, સંગઠનમાં ચાલી રહેલી લાંબા સમયની આ ખેંચતાણ પક્ષને નુકસાન કરી રહી છે. મુદ્દો એ હતો કે પક્ષમાં સંઘના એક પ્રતિનિધિ કોઈ નેતાને મહામંત્રી બનાવવાના પક્ષમાં હતાં પરંતુ સંઘના બીજા એક પ્રતિનિધિ આ માટે સહમત નહોતા જેના કારણે એક પ્રતિનિધિ એ હદે નારાજ થયા કે તેમણે ભાજપ છોડીને સંઘમાં પાછા જવાની ધમકી આપી દીધી.

જોકે બીજેપીનાં નેતાઓએ તેમને મનાવી લીધાં અને તે જ સમયે રાજનાથસિંહે તેમની ટીમની જાહેરાત કરી દીધી અને મામલો થાળે પડ્યો પરંતુ ફરી પાછો પ્રભારીઓની લિસ્ટ મામલે રાજકીય ગરમાવો આવ્યો છે. વિવાદોનાં કારણે પક્ષનાં રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહને છેલ્લી ઘડીએ પ્રભારીઓનાં લિસ્ટને બ્રેક મારવી પડી છે. કર્ણાટકમાં ભાજપને મળેલી હારના કારણે પક્ષનાં નેતાઓએ એકબીજા સામસામે આવી ગયા છે. અડવાણીના ટેકેદારો આ હાર માટે યેદિયુરપ્પાની વિરુદ્ધમાં કાર્યવાહી કરનારા નેતાઓને આ મુદ્દે ખુલ્લેઆમ જવાબદાર માની રહ્યા છે. બીજીતરફ તેની સામેનો આંતરિક વિરોધી પક્ષ પણ સક્રિય થયો છે. તેમને સામો આક્ષેપ કરતાં કહ્યું કે, અડવાણીનાં ટેકેદારો આ હાર માટે જવાબદાર છે કારણ કે અડવાણીએ અનંતકુમારનો પક્ષ લીધો હતો જેના કારણે યેદિયુરપ્પાને પક્ષમાંથી હાંકી કાઢવાની નોબત આવી હતી. કારણ ગમે તે હોય પરંતુ પક્ષની આંતરિક ખેંચતાણે ભાજપની રાષ્ટ્રીય અને રાજકીય કક્ષાની પ્રભારીઓની નિમણૂંકને ફગાવી દેવી પડી છે. છેલ્લી ઘડીએ પ્રભારીઓની યાદી સમેટી લેવી પડી છે. આમ, ભાજપનાં રાષ્ટ્રીય પ્રમુખ દ્વારા બનાવવામાં આવેલી પ્રભારીઓની લિસ્ટના મુદ્દે સંઘ અને પક્ષ સામસામે આવતાં ફરી એકવાર બ્રેગ લાગી છે.

# ભારતને દરિયાઇ માર્ગથી ઘેરવા માટે ચીનની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૪

ચીને જુદી જુદી રીતે ભારતને ચિંતામાં રાખવાની રણનિતી હાલમાં અપનાવી હોવાનુ જાણવા મળી રહ્યું છે. તાજેતરમાં લડાખમાં ચીની ઘુસણખોરીનો વિવાદ ઉકેલી લેવામાં આવ્યા બાદ ચીને હવે ભારતને દરિયાઈ માર્ગે ઘેરવાની તૈયારી કરી છે. મળેલી માહિતી મુજબ ભારતના દરિયાઈ ક્ષેત્રમાં ચીનની સબમરીન અને દરિયાઈ જહાજોની સંખ્યા સતત વધી રહી છે. જેથી ભારતીય નૌકા સેનાની ચિંતા વધી ગઈ છે. નૌકા સેનાના ટોચના અધિકારીઓની શરૂ થયેલી બેઠકમાં પણ આ મુદ્દો છવાયેલો રહ્યો છે. સંરક્ષણ મંત્રાલયને સુપ્રત કરવામાં આવેલા અહેવાલમાં ઈન્ટીગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ હેડકવાટર્સ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ ક્ષેત્રમાં ચીનની સબમરીન સાથે ૨૨ વખત ટક્કર થઈ ચુકી છે. ચીન બાંગલાદેશ, મ્યાનમાર અને પાકિસ્તાન પણ ભારતીય દરિયાઈ ક્ષેત્રમાં પોતાની તાકાત વધારવામાં સફળ રહ્યા છે. બીજી બાજુ સહકારના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ભારત અને ચીન આવનાર બે દશકમાં ૧૦૦ નવા નૌસેનિક પાણીના જહાજ અને સબમરીનની ખરીદી કરશે. વૈશ્વિક સિક્યુરિટીના બદલાતા માહોલની વચ્ચે વર્ષ ૨૦૩૨ સુધી બન્ને દેશો શિપ અને સબમરીનની ખરીદી કરશે. ચીનના વિદેશ મંત્રાલય દ્વારા હવે એમ પણ જણાવવામાં આવ્યું છે કે સરહદને લઈને વાતચીતમાં ઝડપ લાવવામાં આવે તે જરૂરી છે. ચીનના વિદેશ મંત્રાલયના અધિકારીઓએ વિદેશ મંત્રાલય સાથે વાતચીત કર્યા બાદ આ મુજબની વાત કરી હતી. ઘુસણખોરીનો વિવાદ ઉકેલી લેવામાં આવ્યા બાદ તંત્રને એકબાજુ રાહત થઈ છે ત્યારે હવે દરિયાઈ માર્ગે ચીન પોતાની તાકાત વધારવામાં વ્યસ્ત છે. આવી સ્થિતીમાં હવે ભારતને ચીનથી ખુબ સાવધાન રહેવાની જરૂર છે. પાકિસ્તાન અને ચીને ભારતને ભીંસમાં લેવા હમેંશા પ્રયાસો કર્યા છે. ચીન અને પાકિસ્તાનના હમેંશાં ખુબ સારા સંબંધ રહ્યા છે. ભારતને વિદેશ નિતીને વધારે આક્રમક બનાવવાની હાલ જરૂર છે.

# સંજય દત્તને વધુ રાહત આપવા સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી,તા. ૧૪

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સંજય દત્તને હવે કોઈ પણ



રાહત મળી ન હતી. સુપ્રીમ કોર્ટે શરણાગતિ સ્વીકારી લેવા માટે વધુ સમય આપવાની માંગ કરતી સંજય દત્તની અરજીને ફગાવી દીધી હતી. આનો મતલબ એ થયો કે સંજય દત્તને હવે જેલમાં જવું પડશે અને વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં સાડા ત્રણ વર્ષની બાકીની સજા ભોગવવી પડશે. જસ્ટિસ બીએસ ચૌહાણ અને દિપક મિશ્રાની બનેલી બેંકે ફિલ્મ નિર્માતાની અરજી પર સુનાવણી ચલાવવાનો ઈન્કાર કરી દીધો હતો. આ ફિલ્મ નિર્માતાએ તેમની બે ફિલ્મો જે હાલ પ્રોડક્શન હેઠળ છે તે પૂર્ણ કરવાના હેતુસર શરણાગતિ સ્વીકારી લેવા સંજય દત્તને વધુ સમય આપવાની માંગ કરી હતી. સંજય દત્તને આર્મસ એક્ટ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને પાંચ વર્ષની જેલની સજા કરાઈ હતી. સંજય દત્તને હવે તેની બાકીની જેલની સજા ભોગવવાના હેતુસર ૧૬મી મે સુધી જેલસત્તાવાળાઓ સમક્ષ શરણાગતિ સ્વીકારી લેવી પડશે. સંજય દત્ત પહેલાથી જ દોઢ વર્ષની સજા ગાળી ચુક્યો છે. અગાઉ ૧૦મી મેના દિવસે સુપ્રીમ કોર્ટે તેને અપરધી ઠેરવવા અને પાંચ વર્ષની જેલની સજા ફટકારવાના તેના ચુકાદાની સમિક્ષાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી.

### સંજય દત્ત પૂણે જેલ સમક્ષ શરણાગતિ સ્વીકારી લેશે

વર્ષ ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસમાં અપરાધી સંજય દત્તે આજે સ્પેશિયલ કોર્ટ સમક્ષ તેને ઉપસ્થિત કરવાના બદલે પૂણેમાં યેરવાડા જેલ સમક્ષ શરણાગતિ સ્વીકારવા તેને મંજુરી આપવા નિયુક્ટ ટાડા કોર્ટમાં અપીલ કરી હતી. સંજય દત્તની અરજી પર સુનાવણી ચલાવતી વેળા જજ જીએ સનપે કહ્યુ હતુ કે સીબીઆઈને જવાબ આપવા માટે કહેવામાં આવ્યુ છે. આ સમગ્ર મામલાની સુનાવણી હવે આવતીકાલે હાથ ધરવામાં આવશે. પબ્લિક પ્રોશિક્યુટર દિપક સાલવી સરકાર અને સીબીઆઈ તરફથી કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં બાકીની જેલની સજા માટે શરણાગતિ સ્વીકારવા વધારાના સમયની માંગની અરજી ફગાવી દેતા કલાકો બાદ જ સંજય દત્તે ટાડા કોર્ટમાં આ અરજી કરી હતી. આનો મતલબ એ થયો કે સંજય દત્ત હવે ૧૬મી સુધી પુણે જેલ સમક્ષ શરણાગતિ સ્વીકારી લેશે.

૫૩ વર્ષિય સંજય દત્તને અગાઉ શરણાગતિ સ્વીકારી લેવા ચાર સપ્તાહની મહેતલ આપવામાં આવી હતી. બાકીની જેલની સજા ગાળવા માટે તેને અગાઉ જ્યારે મહેતલ આપવામાં આવી ત્યારે સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે હવે કોઈ પણ વધારે સમય આપવામાં આવશે નહીં. સુપ્રીમે ૨૧મી માર્ચના દિવસે વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં સંજય દત્તને અપરાધી ઠેરવીને સજા કરી હતી. પાકિસ્તાનની આઈએસઆઈની સંડોવણી સાથે અન્ડરવર્લ્ડ ડોન દાઉદ દ્વારા આ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા જો કે સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૬માં નિયુક્ત ટાડા કોર્ટ દ્વારા દત્તને કરવામાં આવેલી છ વર્ષની સજાને ઘટાડીને પાંચ વર્ષ કરી હતી પરંતુ પ્રોબેશન હેઠળ છોડવાનો ઈન્કાર કર્યો હતો તેણે કહ્યુ હતુકે ગુનો ખુબજ ગંભીર છે. સંજય દત્તને નવ એમએમ પિસ્તોલ અને એકે-૫૬ રાઈફલ ગેરકાયદે રાખવા બદલ અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. મુંબઈમાં ૧૯૯૩માં જે બ્લાસ્ટ થાય હતા તેમાં ૨૫૭ના મોત થયા હતા અને ૭૦૦ લોકો ઘાયલ થયા હતા.

# રેનબેક્સીએ ભેળસેળવાળી દવા બનાવી : જંગી દંડ થયો

વોશિંગ્ટન,તા. ૧૪

રેનબેક્સી કંપનીએ કેટલીક ભેળસેળવાળી દવાઓ બનાવી હતી અને આ કંપનીને ૨૭ અબજ રૂપિયાનો જંગી દંડ કરવામાં આવ્યો છે. ભારતના બે એકમોમાં કેટલીક ભેળસેળવાળી દવાઓ બનાવવા અને તેના વિતરણ સાથે સંબંધિત આરોપો સ્વીકારી લઈને રેનબેક્સીની અમેરિકી સહાયક કંપની હવે ૨૭ અબજ રૂપિયાનો દંડ ચુકવવા માટે તૈયાર તઈ ગઈ છે. અમેરિકી ન્યાય વિભાગે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે ભારતની જેનેરિક ફાર્મા કંપની રેનબેક્સી લેબની સહાયક કંપની રેનબેક્સી યુએસએ દ્વારા સૌથી મોટા સુરક્ષા કરાર હેઠળ ભારતમાં રેનબેક્સીના બે ઉત્પાદક કેન્દ્રો પર બનેલી કેટલીક ભેળસેળવાળી દવાઓના નિર્માણ અને વિતરણ સાથે સંબંધિત આરોપો સ્વીકારી લેવામાં આવ્યા હતા. નિવેદનમાં જણાવાયું છે કે રેનબેક્સી અપરાધિક દંડના ભાગરૂપે ૧૫ કરોડ ડોલર અને ફોલ્સ ક્લેઈમ્સ એક્ટ હેઠળ ૩૫ કરોડ ડોલરની ચુકવણી કરવા તૈયાર થઈ ગઈ છે. ભારતની સૌથી મોટી દવા બનાવતી કંપની રેનબેક્સી લેબોરેટરી લિમિટેડ દંડના ભાગરૂપે ૫૦૦ મિલિયન ડોલર ચુકવવા માટે તૈયાર છે. ૫૦૦ મિલિયન



ડોલરની અથવા તો ૨૭૪૩ કરોડની રકમ દંડ રૂપે ચુકવવામાં આવશે. ઠગાઈના આક્ષેપોને ઉકેલવા માટે આ સમજુતી થઈ છે. અમેરિકી રેગ્યુલેટર્સ સમક્ષ ખોટુ નિવેદન કરવા બદલ સજા કરવામાં આવી છે.

હિમાચલ પ્રદેશ અને મધ્યપ્રદેશમાં ત્રણ એકમો ખાતે બનેલી દવા સાથે સંબંધિત કેસ છે. ડિસેમ્બર ૨૦૧૧માં કંપનીએ આ ફોજદારી અને જટિલ કેસને ઉકેલ માટે ૫૦૦ મિલિયન ડોલર બાજુએ મુકવામાં આવ્યા હતા. હવે એફડીએ સાથે રેનબેક્સીની સમજુતી થઈ છે. આજના ઘટનાક્રમની બજાર પર અસર થઈ હતી.

# વડાપ્રધાન સિંહ શરીફની શપથમાં ભાગ લેશે નહી

નવી દિલ્હી,તા. ૧૪

વડાપ્રધાન મનમોહનસિંહ પાકિસ્તાનમાં વડાપ્રધાન બનવા જઈ રહેલા નવાઝ શરીફની શપથવિધીમાં ભાગ લેવા જાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે પરંતુ પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે વડાપ્રધાન દ્વારા ભારતની યાત્રા કરવાનુ આપવામાં આવેલુ આમંત્રણ સ્વીકારી લીધુ છે. ટુંક સમયમાં જ આ અંગે અંતિમ નિર્ણય કરવામાં આવશે. પાકિસ્તાનમાં નવાઝ શરીફની શપથવિધી ટુંક સમયમાં જ યોજાનાર છે. આના માટેની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. શપથવિધીમાં અનેક નેતાઓને આમંત્રણ આપવામાં આવનાર છે. પહેલાથી કેટલાક નેતાઓને આમંત્રણ આપી દેવામાં આવ્યું છે જેમાં બારતના વડાપ્રધાન મનમોહનસિંહનો સમાવેશ થાય છે. સિંહે પાકિસ્તાન જસે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય કર્યો નથી. પરંતુ સુત્રોની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો સિંહ પાકિસ્તાન



જશે નહી. પાકિસ્તાનમાં હાલમાં યોજાયેલી ઐતિહાસિક સામાન્ય ચૂંટણીમાં નવાઝ શરીફની પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને સપાટી પર આવી છે. શરીફ હવે વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવાઝ શરીફની લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારને રક્તવિહીન બળવો કરીને તત્કાલીન સેના વડા પરવેઝ મુશર્રફે પદભ્રષ્ટ કરી દીધી હતી. ત્યારબાદ પોતે દેશના પ્રમુખ બની બેઠા હતા. શરીફને અપમાનિત કરીને દેશની બહાર મોકલી દેવામાં આવ્યા હતા. હાલમાં યોજાયેલી ચૂંટણીમાં તેમની પાર્ટીને શાનદાર સફળતા મળ્યા બાદ શરીફ હવે વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. આવી સ્થિતીમાં નવાઝ શરીફે શપથવિધીમાં હાજરી આપવા સિંહે આમંત્રણ આપ્યું છે. જો કે સિંહે કોઈ ખાતરી આપી નથી. પાકિસ્તાને ભારત સાથે તેના દ્વિપક્ષીય સંબંધો મજબુત કરવાની વાત કરી છે.

# પેસ અને રિયા પિલ્લાઇ ટુંકમાં જ છુટાછેડા લેશે

મુંબઈ, તા.૧૪

ટેનિસ સ્ટાર લિયેન્ડર પેસ અને રિયા પિલ્લાઈ હવે છુટાછેડા લેવાની તૈયારીમાં હોવાનુ જાણવા મળ્યું છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તેમની વચ્ચે સંબંધો ખુબ તંગ બની ગયા છે. આ ઉપરાંત મોટા પાયે મતભેદો પણ છે. તેમના લગ્નના સંબંધો હવે તંગ બની ગયા છે. એવુ પણ જાણવા મળ્યું છે કે છેલ્લા એક વર્ષમાં બન્ને વચ્ચે ખુબ મતભેદો છે. રિયા અને લિયેન્ડરની સાત વર્ષની એક પુત્રી પણ છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ડિવોર્સ માટે બન્નેએ વકીલો સાથે વાતચીત પણ કરી લીધી છે. રિયાએ ટોચના ડિવોર્સ વકીલને રોકી લીધો છે.

## સમાચાર ઝલક

- એપ્રિલ માસમાં જથ્થાબંધ ભાવાંકમાં ઘટાડો નોંધાયો.
- અમેરિકામાં દવામાં ભેળસેળ કરવા માટે ૨૭ કરોડ ડોલરનો દંડ કરાયો.
- કીડાઓ ખાવાથી પૌષ્ટીક પ્રોટીન તથા અન્ય તત્ત્વો મળે છે, સંયુક્ત રાષ્ટ્રસંઘની આરોગ્ય સંસ્થાનો અહેવાલ.
- પાલીતાણામાં યુવકની હત્યા બદલ પાલીતાણા બંધ.
- હિંમતનગરમાં ટ્રક પાછળ કાર ઘુસી જતાં સહકારી જીન પાસે અકસ્માતમાં ૩ યુવાનોનાં મોત.
- સંજયદત્તનો વધુ સમય નહિ અપાય સુપ્રીમકોર્ટની સ્પષ્ટતા.
- નવરંગપુરા જૈન દેરાસરમાં ચોરી કરનાર બે સગાભાઇ ઝડપાયા.
- ડીસામાં ભેળસેળ વાળુ બનાવટી ઘી ઝડપાયું.
- પાલીતાણા નજીક એક મહિલાએ ત્રણ બાળકો સાથે આત્મહત્યા કરી.
- દ્વારકામાં શીતળામાતાના મંદિરમાં છત્તરોની ચોરી.
- ગોધરામાં ટ્રેનમાં બળાત્કાર કરનાર વ્યક્તિને લોકોએ મેથીપાક આપીને પોલીસને સોંપ્યો.
- પશ્ચિમ બંગાળમાં રેલ અકસ્માતમાં અનેક ઘાયલ. રેલ્વે પાટા પરથી ઉતરી.
- બારડોલી સ્ટેશને સ્ટેશન માસ્ટર જ રેલ્વે ટિકીટોનો વેપાર કરતો હતો.
- ચારધામની યાત્રા શરૂ, યાત્રાળુઓમાં ઉત્સાહનો માહોલ.
- મહારાષ્ટ્રમાં વેપાર ઉદ્યોગ અને સરકાર આમનેસામને, આંદોલન વિસ્તરતુ જાય છે.
- સુપ્રીમની સૂચનાથી સીબીઆઇને સ્વતંત્ર બનાવાની કવાયત શરૂ.
- સરકાર યોજનાઓના પ્રચાર માટે રૂા. ૧૮૦ કરોડ ખર્ચ કરશે.
- આંધ્રપ્રદેશમાં ચક્રવાત પવનથી ૮નાં મોત, વાતાવરણમાં પલ્ટો.
- ઢાકામાં ઇમારત ધારાશયીમાં ૧૧૨૭ મોતની સંખ્યા પહોંચી.
- જાણીતી ફિલ્મ અભિનેત્રી માધુરીનો જન્મદિવસ ઉજવાયો.

# અટવાયેલા પ્રોજેક્ટોને લીલીઝંડી આપવા તૈયારી : વિકાસ તીવ્ર થશે

બેંગ્લોર,તા. ૧૪

નાણાં પ્રધાન પી ચિદમ્બરમ આજે એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમાં વિકાસની ગતિને ઝડપી બનાવવા અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાના હેતુસર નવા વિકલ્પો શોધી કાઢવા બેંકરો અને ઉદ્યોગપતિઓ સાથે વિસ્તારપૂર્વક ચર્ચાવિચારણા કરી હતી. જુદા જુદા આધાર પર દેશભરમાં હાલમાં શ્રેણીબદ્ધ મોટા પ્રોજેક્ટો અટવાઈ પડ્યા છે. આ પ્રોજેક્ટોને લીલીઝંડી આપવાના હેતુસર ચર્ચા વિચારણા કરાઈ હતી. મોટા પ્રોજેક્ટો આડે રહેલી અડચણો દૂર કરવાના પાસા પર ચર્ચા થઈ હતી. એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર પર હાલમાં દુનિયાની નજર કેન્દ્રિય થઈ છે. ચિદમ્બરમ જુદા જુદા રાજ્યોની મુલાકાત લઈને હાલમાં બેંકરો અને ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરી રહ્યા છે. સાથે સાથે હજુ સુધી જમીનના અધિગ્રહણ, ગેસ અથવા કોલસા સંબંધિત, પર્યાવરણની મંજુરી, વન્ય વિભાગની મંજુરી જેવા જુદા જુદા પ્રશ્નોના કારણે ૩૪૧ પ્રોજેક્ટો અટવાઈ પડ્યા છે. આ પ્રોજેક્ટોને કઈ રીતે આગળ વધારી શકાય તે પાસા પર આજે ચર્ચા વિચારણા થઈ હતી. લોનને લઈને ઉભી થયેલી સમસ્યા પર પણ ચર્ચા વિચારણા થઈ હતી. બેંકરો અને ઉદ્યોગપતિઓ સાથે ૯૦ મિનિટની બંધબારણે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ટોચની બેંકોના બેંકરો અને ટોચના ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. કેનેરા બેંક અને સિન્ડિકેટ બેંકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં અન્ય જે કેન્દ્ર સરકારના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમાં ફાઈનાન્સિયલ સર્વિસ સેક્રેટરી રાજીવ ટકરુનો સમાવેશ થાય છે. ચિદમ્બરમ હાલમાં જ બેંકરો અને ઉદ્યોગપતિઓને મુંબઈમાં મળ્યા હતા જેમાં વિકાસને ઝડપી બનાવવાના પાસ પર ચર્ચા વિચારણા કરાઈ હતી. ત્યારબાદ ચેન્નઈમાં પણ આ પ્રકારની બેઠક યોજાઈ હતી જ્યાં સ્થાનિક બેંકોના વડા અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટા પ્રોજેક્ટોને કોઈ પણ અડચણ વગર મંજુરી મળે તે હેતુસર સરકારે હાલમાં જ વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં મૂડીરોકાણ અંગે કેબિનેટ સમિતિની રચના કરી હતી. આ કમિટીની બેઠક આ મહિનામાં ફરી મળશે. જેમાં પ્રોજેક્ટો પર ચર્ચા વિચારણા કરાશે.

# ઓરિસ્સામાં ફરી વાવાઝોડાનો ખતરો : ભારે વરસાદ થઈ શકે

ભુવનેશ્વર,તા. ૧૪

ઓરિસ્સાના દરિયાકાંઠા અને અન્ય કેટલાક ભાગોમાં ચક્રવાતી વાવાઝોડુ મહાસેનનો ખતરો તોળાઈ રહ્યો છે. વાવાઝોડાની સાથે સાથે વરસાદ તૂટી પડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે જેના પરિણામ સ્વરૂપે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. મહાસેન વાવાઝોડુ હાલમાં



પારાદીપથી આશરે ૭૬૦ કિલોમીટર દક્ષિણે સ્થિત હોવાનું જાણવા મળ્યુ છે. આ વાવાઝોડુ દક્ષિણ પૂર્વિય બંગાળના અખાત પર કેન્દ્રિત છે અને ઉત્તર તરફ આગળ વધી રહ્યુ છે. પારાદીપ બંદરને પાર કરે ત્યારે તેની અસર નોંધાય તેવી શક્યતા છે. તેની અસર હેઠળ ભારે વરસાદ અને પવન ફૂંકાશે. ઓરિસ્સાના દરિયાકાંઠાના વિસ્તારમાં આગામી ૨૪ કલાક માટે સાવચેતીના પગલા લેવામાં આવી ચુક્યા છે. વોર્નિંગ સિગ્નલ પણ મુકી દેવામાં આવ્યા છે. પારાદીપ અને ગોપાલપુર બંદર ખાતે આ સિગ્નલો મુકવામાં આવ્યા છે. માછીમારોને દરિયામાં ન જવાની સુચના આપવામાં આવી છે. તીવ્ર પવન ફૂંકાશે. સાવચેતીના પગલારૂપે દરિયાઈ કાંઠાના કલેક્ટરો અને નજીકના જિલ્લાઓના અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જે જિલ્લાઓને એલર્ટ કરવાની જાહેરાત કરાઈ છે.

### નવાં કલેવર (ચોથા પાનાનું ચાલુ...)

અટકી. અભિમન્યુ તેને ધ્યાન પૂર્વક જોતો હતો. ''તમારા જેવા હોવાં છતાં આવું બધુ બની રહ્યું છે.'' તે બોલી. અભિમન્યુ કંઇ બોલ્યો નહીં! શબનમે ફરી કહ્યું અહીં આવતાં બસ બ્રેક ડાઉન થઈ ગઈ. ત્યારે વિચાર આવ્યો કે આટલામાં કોઈ પરિચિય ખરૂ? ત્યાં તમે યાદ આવ્યાં. પછી તપાસ કરી. એક માણસ તમારા ઘર સુધી મને મુકી ગયો. એટલે સીધી અહીં આવી ગઈ.

''સર, તમે તો મને બેસવાનું પણ ન કીધું. હજું હું અહીં ઊભી જ છું.'' જરાક ગુસ્સા સાથે હસતાં હસતાં તેણે કહ્યું.

''આવ... આવ...'' જરા ખચકાટ સાથે તેણે શબનમને અંદર બોલાવી અને સોફા પર બેસવા ઈશારો કર્યો.

''હું તમારી બાબતે વિચારૂં છું, તમે અહીં કંઇ રીતે રહી શકો છો? ચારે બાજુ બસ રાજકારણ'' બેસતાં એ બોલી તેણે પોતાની હેંડબેગ અને મોબાઈલ બાજુમાં મુક્યા.

''બધા સુઈ ગયા હશે ખરૂં ને! અત્યારે તેમને તકલીફ ન આપશો. ગમે તે રીતે સવારે હું અહીંથી જતી રહીશ.''

અભિમન્યુ જે વિચારતો હતો તે સાથે ચિંતામાં પણ હતો. તેમાંથી બહાર નીકળતાં તેણે કહ્યું. ''શબનમ અત્યારે ઘરમાં હું એકલો જ છું.''

''ઓહો એવું છે તો તો પછી તમારે કોઈને મારો પરિચય આપવાની જરૂર નહીં પડે.''

હવે તેને શું કહેવું એ અભિમન્યુને સમજાયું ન હતું.

(ક્રમશઃ)

# મુંબઈ અને રાજસ્થાન વચ્ચે આજે રોમાંચક જંગ ખેલાશે

રાંચી,તા. ૧૪

ઈન્ડિયન પ્રિમિયર લીગમાં પ્રથમ તબક્કો હવે પૂર્ણ થવા આવ્યો છે અને આગામી રાઉન્ડ માટેની તૈયારીમાં ટોચની ટીમો લાગી ગઈ છે. આવતીકાલે બે મેચો રમાશે. પ્રથમ મેચ આવતીકાલે કોલકત્તા અને પુણે વચ્ચે રમાશે. આ મેચનુ પ્રસારણ રાંચી ખાતેથી સાંજે ચાર વાગ્યાથી મેક્સ પરથી કરવામાં આવશે. જ્યારે બીજી મેચ બુધવારેં મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાશે. રોહિત શર્માના નેતૃત્વમાં મુંબઈની ટીમ સતત સારો દેખાવ કરી રહી છે. તેની ટીમના તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં છે. રોહિત શર્માની ટીમમાં તમામ ખેલાડી સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે. જેમાં કિરોન પોલાર્ડ, સચિન તેન્ડુલકર, રોહિત શર્મા, લાસિત માલિંગાનો સમાવેશ થાય છે. છેલ્લી મેચમાં ગઈકાલે પોલાર્ડ છવાઈ ગયો હતો. મુંબઈની ટીમ ૧૪ મેચમાં ૧૦માં જીત અને ચારમાં હાર સાથે ૨૦ પોઈન્ટ ધરાવે છે. બીજી બાજુ રાજસ્થાન મુંબઈની ટીમ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચવા માટે મેદાનમાં ઉતરશે. બન્ને ટીમો હાલમાં ૨૦, ૨૦ પોઈન્ટ ધરાવે છે. જેથી આ મેચ ખુબ રોમાંચક બનશે. રાજસ્થાન રોયલ્સની ટીમમાં ઓલરાઉન્ડર શેન વોટ્સન પર તમામની નજર કેન્દ્રિત રહેશે.રાજસ્થાનની ટીમ રાહુલ દ્રવિડની ટીમ મેદાનમાં ઉતરશે. આ ટીમમાં જેમ્સ ફોલ્કનર, સ્ટુઅર્ટ બિન્ની પણ સારો દેખાવ કરી રહ્યા છે. બન્ને મેચોને લઈને આયોજકો ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. બન્ને મેચોની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે.

### ભૂરાબાપાનું ભૂત (પાના નં. ૪ નું ચાલુ)

રણમાં અવારનવાર નિર્દોષ ભૂલા પડેલાને આવો ઊંટ સવાર મળ્યાના કિસ્સા સાંભળવા મળે છે. મોટે ભાગે દરેકનું વર્ણન એક સરખું હોય છે. હમીરગઢના ગઢવી રણમાં દુશ્મનોને હાથે મૃત્યુ પામ્યા હતા અને લોકવાયકા તથા આવી ઘટનાઓ કહે છે કે તે ગઢવી એટલે જ ભૂરાબાપા. ઉજલા તનના અને ઉજળા વસ્ત્રોને લીધે તોએ ભૂરાબાપાના નામે જાણીતા છે, અને રણમાં આજે પણ દિશાભૂલી પારકા મુલકમાં પહોંચી જતા વટેમાર્ગુને દિશા બતાવી તેમને સહસલામત પહોંચાડે છે. આ ભૂરાબાપા અને ભૂરાબાપાનું આ ભૂત નિહાળી સાંઢણી કાબુ બહાર જતી રહી હતી તે વાત સમજતાં તે બંનેને વાર ન લાગી. બંને સહીસલામત આવતાં બાકીની વિદાયની કામગીરી ભલીપેર પૂર્ણ તઈ. જાન કાઠિયાવાડને માર્ગે પડી ગઈ. પરંતુ કરસન અને હરદેવનાં હૈયામાં ભૂરાબાપાના ભૂત દીઠાની ઘટના હજુ પણ ધબકારા વધારી મૂકે છે.